# મારી નજરે

કુતૂહલ અને મનોરંજન તેમજ કમાણીના મિશ્રણ તરીકે શરૂ થયેલી ઇન્ડિયન પ્રિમિયર લીગ-આઇપીએલને જોતજોતામાં ૧૦ વર્ષ પૂરાં થઇ ગયાં. આઇપીએલ સ્પર્ધાની એક દાયકાની સફર પર નજર કરીએ તો કહી શકાય કે એક સમયની જેન્ટલમેન્સ ગેઇમને આઇપીએલની સ્પર્ધાએ ઝાકઝમાળભરી રમતમાં ફેરવી નાખી. તેમાં જેટલી ઝાકઝમાળ રહી એટલા જ વિવાદો પણ થયા. આ સંદર્ભે એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે રમત પર વિવાદો હાવી રહ્યા. જોકે આ સ્પર્ધાએ વિશ્વક્રિકેટનું મૂળભૂત સ્વરૂપ ધરમૂળથી બદલવા સાથે અન્ય અનેક હકારાત્મક પરિવર્તનો પણ આણ્યાં. સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરસ્પરની ટીમ વતી સામસામે રમતા ખેલાડીઓને આ સ્પર્ધા નિમિત્તે એક જ ટીમમાં રમતા જોવા એ એક લહાવો છે, જે આ સ્પર્ધાએ પૂરો પાડ્યો છે.

વિવાદોની વાત કરીએ તો અહીં નાણાકીય ગોટાળાથી માંડીને સ્પોટ ફિક્સિંગ તેમજ વિવિધ ટીમોની માલિક એવા સેલિબ્સના વિવાદાસ્પદ સંબંધો સુધીના વિવાદો થયા છે, અને છતાં આઇપીએલ આજે પણ કંઇક અંશે લોકપ્રિય તો છે જ તેમજ રસપૂર્વક જોવાય પણ છે. હા, અગાઉની સરખામણીમાં તેની લોકપ્રિયતા પસાર થતા સમયની સાથે ઘટતી ચાલી છે એ ચોક્કસ સ્વીકારવું પડે. અન્ય એક મુદ્દો એ પણ છે કે આઇપીએલની વર્તમાન સિઝનમાં વિદેશી ખેલાડીઓ અને વિવિધ સ્વદેશી ટીમના વિદેશી કેપ્ટન્સની બોલબાલા છે એટલી અગાઉની સિઝનમાં ક્યારેય નહોતી. આ પણ આ એક દાયકાની સફરમાં આવેલું મહત્ત્વનું પરિવર્તન ગણી શકાય. આઇપીએલની એક દાયકાની સફર અંગેના આ તમામ મુદ્દાઓની વાત આ વખતના અંકમાં વિગતે કરી છે.

એક તરફ પાકિસ્તાનમાં સજા પામેલા આપણા નિવૃત્ત નેવી અધિકારી કુલભૂષણ જાધવનો કિસ્સો અને વિવાદ બંને જે રીતે આપણા પાડોશી દ્વારા ચગાવવામાં આવી રહ્યા છે અને બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદીઓથી પ્રેરિત સ્થાનિક યુવાનો અને ત્યાં તૈનાત આપણા સલામતી દળો વચ્ચેના સતત ચાલી રહેલા સંઘર્ષથી ઊભા કરાયેલા તણાવપૂર્ણ વાતાવરણ અને ત્રીજી તરફ સરહદ પર વિના કારણનો ગોળીબાર અને તોપમારો તેમજ આપણા સૈન્ય સાથે પરોક્ષ રીતે કરાતો દુર્વ્યવહાર જોતાં એમ કહી શકાય કે આપણો આ પડોશી આપણને જંપીને બેસવા દે એમ લાગતું નથી. આ તબક્કે કડક હાથે કામ લઇ તેને યોગ્ય જવાબ અપાય તેની તાતી જરૂર છે.

શ્રી સત્યસાઈ હાર્ટ હોસ્પિટલ, રાજકોટ ખાતે શરૂ થયેલી કેથલેબ થકી છેલ્લા ૧૭ વર્ષથી અવિરત ચાલતો આ સેવાયજ્ઞ વધુ વેગવંતો બનશે અને તેનો લાભ વધુ ને વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચશે એવી આશા અસ્થાને નથી.

**મનોજ ભીમાણી**

**નોંધ:** દર માસની ૧ અને ૧૫ તારીખે પ્રકાશિત થતું પાક્ષિક.


# આરપાર

વર્ષ : ૧૭ અંક : ૩ સળંગ અંક : ૬૦૧
તારીખ : ૧૫, મે ૨૦૧૭

૨ એપ્રિલથી ૧૫ મે ૨૦૧૭
માટે પ્રકાશિત

**તંત્રી : મનોજ ભીમાણી**
મુખ્ય કાર્યાલય
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ,
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૬૫૧૦૭
ફેક્સ : ૦૭૯-૨૬૪૬ ૩૦૨૮
e-mail aarpar@gmail.com,
website : www.aarpar.com

| લવાજમ | ભારતમાં | વિદેશમાં | | |
|---|---|---|---|---|
| મુદત | રૂા. | ડોલર | પાઉન્ડ | યૂરો |
| ૫ વર્ષ | ૧૦૦૦ | ૩૧૦ | ૧૮૫ | ૨૮૦ |
| ૪ વર્ષ | ૮૨૫ | ૨૫૦ | ૧૫૦ | ૨૨૫ |
| ૩ વર્ષ | ૬૫૦ | ૧૯૦ | ૧૧૫ | ૧૭૦ |
| ૨ વર્ષ | ૪૫૦ | ૧૩૦ | ૮૦ | ૧૧૫ |
| ૧ વર્ષ | ૨૫૦ | ૭૦ | ૪૫ | ૬૦ |

લવાજમ માટેનો ચેક વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.ના નામનો 'આરપાર' કાર્યાલયને મોકલવાનો રહેશે.

મુદ્રક-પ્રકાશક
મનોજ ભીમાણીએ
**વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.** વતી
ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, નાગદેવતા મંદિર પાસે,
ચાંગોદર-બાવળા હાઇવે, અમદાવાદ.
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ
જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ,
અમદાવાદ-૬ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



Registered under R.N.I.No. GUJ/GUJ/2001/5521 Permitted to post at AHMEDABAD PSO FORTNIGHTLY ON 1st & 15th of Every Month under postal Registration Number : L3/131/GUJ-408/15-17 valid upto 31-12-2017